ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*શાંત-મહેનતુ કોમને મધલાળ આપી છે,*
*ખટપટ કાતરે એકતાની ગાંઠ કાપી છે,*
*સ્થાયી વર્ણભેદની અશાંતિ પામી ચાણક્યએ -*
*પંપાળી એક કોમને ચિનગારી ચાંપી છે...*

હાઈકુ

*સેના બેકાબૂ!*
*મુખત્યારી ના માર્ગે -*
*દોડ નાપાક...*
*(શરાફત છોડ દી મૈને...)*

*ખબર નથી!*
*ગ્રાહકો ના આગ્રહે*
*ખવાઈ ગ્યુ બૌ!*
*(બોઈલર કમિશ્નર)*

### ચિંતન

**પરૈઃ પ્રોક્તા ગુણ યસ્ય નિર્ગુણો અપિ ગુણી ભવેત ।**
**ઇન્દ્રો અપિ લઘુતાં યાતિ સ્વયં પ્રખ્યાપિતૈ ર્ગુણૈઃ ॥**

'જેના ગુણોની પ્રશંસા અન્ય-બીજા કોઈ અપરિચિત દ્વારા કહેવામાં આવે - ગુણવાન ગાવામાં આવે તો એ માણસ એવો હોય ન હોય છતાં સારો થવા-દેખાવા પ્રયત્નશીલ થાય છે - અને ગુણવાન થાય છે પણ જાતે જ પોતાના ગુણ-બળ-શક્તિ-કામ-પરાક્રમોનું વર્ણન કરાર તો ઈન્દ્રથી પણ હલકો થઈ જાય છે.'

આજકાલ ટેકનોલોજી અને મીડિયા માર્કેટીંગનો જમાનો છે બોલે તેનાં બોર વેચાય એ સિદ્ધાંત અનુસાર કામ ન કરનાર કે સાવ ઓછાં-નાનાં કામનો મોટો ઢંઢેરો પીટી-ખોટો લાભ ખાટી જનારા નેતા-સામાજિક સેવકો-કાર્યકરો બહુ છે. આવા લોકો કોઈનું સારું તો નથી જ કરી શકતા પણ તેમનાં જીવન-આચરણની પણ કોઈ જ અસર સમાજ પર નથી.

મૂકસેવકો - થોડું પણ નક્કર કામ કરે તેની નોંધ જરુર લેવાય છે.

### સુવિચાર

- જાત માટે જીવનારાને કીર્તિની તલાશ હોય છે, જગ માટે જીવનારને ચારિત્ર્યની! કીર્તિ ભૂખ્યાઓને એટલે અંદરથી અશાંત લોકો એમની પાસે સ્નેહ શાંતિની ભૂખ એટલે મૃગજળ પાછળની દોડ - **અખંડ આનંદ**
- અન્યને અંકુરિત થવામાં કે ઉગાડવામાં આપણે કેટલાં અંશે સહાયક નીવડીએ છીએ એ જ આપણા સૌજન્યનો માપદંડ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સંસાર ચક્રવ્યુહ ન બને અને સંસારચક્ર સંવાદી રીતે ચાલે તે માટે કર્મયોગીઓ કે કર્મવીરોની આવશ્યકતા રહેવાની, સંન્યાસી એટલે 'યોગી કર્મવીર' 'યોગી ધર્મવીર' - **જનકલ્યાણ**
- ગમા-અણગમાની પર હોય અને પીડાને પણ પ્રભુનો પુરસ્કાર માનવાની મસ્તી જેના મને કેળવી લીધી હોય આવો માણસ સંસારમાં રહે તો પણ સંન્યાસી અને સંસાર છોડે તો પણ સંન્યાસી - **ફાધર વાલેસ**
- સારા બનવા માટે કોઈ પણ યુગ પ્રતિકૂળ સાબિત થતો જ નથી - **ઝેન કથન**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

તુલસીદાસજીએ કહ્યું કે, પરહિત સરિસ 'ધર્મ' નહીં ભાઈ! પરાયા સેવા એ જ ધર્મ છે દુઃખી-દર્દીને મદદ કરવામાં જ સાચો ધર્મ છે. સમાજસેવા એ જ ધર્મ. ધર્મ ક્રિયાકાંડ - ટીલા ટપકાં - પહેરવેશ - સ્તુતિ પાઠમાં નથી. એ બધાં સ્વભાવ-આચરયણ શુદ્ધિના અંગ છે.

નદીકાંઠે બેસી બે શિષ્યો, ગુરુજીએ આપેલો સ્વાધ્યાય મૂખપાઠ કરતા હતા. ત્યાં એક માતાની બૂમ-ચીસો સાંભળી - 'મારા પુત્રને બચાવો - એ ડૂબે છે.'

એક શિષ્ય ઉઠ્યો અને નદીમાંથી તે સ્ત્રીના પુત્રને કાઢી લાવ્યો. બાળકની સારવાર કરી માતાને બાળક સોંપ્યો. સાંજે ગુરુજીએ સ્વાધ્યાય પાઠ માગ્યો ત્યારે બીજો શિષ્ય કળકળાટ પાઠ બોલી ગયો.

બીજાએ પોતાની અસમર્થતા દર્શાવી અને બનેલી ઘટનાની વાત કરી. ગુરુજીએ પહેલાં ને પૂછ્યું તું કેમ એની મદદે ન ગયો?

પહેલો કહે આપની આજ્ઞા મુજબ હું સ્વાધ્યાય જ કરતો હતો. ગુરુ કહે સાચો ધર્મ શાસ્ત્રોના અધ્યયન-પાઠમાં નથી. પીડિતોની સેવા કરવામાં આવે છે.

# હવે આંદોલન સામે લાલ આંખ જરુરી

## તંત્રીસ્થાનેથી....

મુખ્યમંત્રી આનંદીબેન પટેલને ના છૂટકે પાટીદાર અનામત આંદોલનના કર્તાહર્તાઓ પર પુણ્યપ્રકોપ ઠાલવવો પડ્યો છે. અત્યાર સુધી આંદોલનથી ગુજરાતને ઘણું નુકશાન થઈ ચૂક્યું છે. હવે એના પ્રત્યે લાલ આંખ કર્યા વિના ચાલે એમ નથી, એની મુખ્યમંત્રીને તેમજ શાસક પાર્ટીને પાકી પ્રતીતિ થઈ ગઈ છે. પાટીદારોની માગણી ગમે તેટલી વાજબી હોય તો પણ એમને મન ફાવે તે રીતે વર્તી રાજયની શાંતિ ડહોળવાની પરવાનગી ન જ આપી શકાય. ભારતીય જનતા પાર્ટીનો ગઢ ગણાતું ગુજરાત રાજય પાટીદાર આંદોલનને કારણે દેશવિદેશમાં મોદી સરકારની આબરૂના ધજાગરા ઉડાડી રહ્યું છે. હાર્દિક પટેલની રેલીઓથી અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા સુદ્ધાં પ્રભાવિત થયા હતા અને મોદીના અમેરિકા પ્રવાસ ટાણે પાટીદારોએ અમેરિકામાં પણ રેલી કાઢવાની પરવાનગી માગી છે. નરેન્દ્ર મોદી જેવા સ્વકેન્દ્રિત નેતા માટે પાટીદારોનું આ પ્રકારનું વલણ અપમાનજનક ગણાશે. અહીં ચાલી રહેલા આંદોલનને કારણે મોદીને બિહારમાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. નીતીશકુમાર કુર્મી છે. કુર્મી એ કણબીનો જ પર્યાયવાચી શબ્દ છે. પાટીદારોને દેશમાં ચૌદ રાજયોમાંથી સમર્થન મળવાના સંકેત છે. જો કે હાર્દિક પટેલની અપરિપકવ રજૂઆતો અને બેજવાબદારીભરી કાર્યશૈલીને કારણે આંદોલનનું જોર ઘણું ધીમું પડી ગયું છે, તે રાજય સરકાર માટે રાહતરુપ બાબત છે, હાર્દિ પટેલને ખુદ પાટીદારો જ જાકારો આપવા લાગ્યા છે, એની પ્રતીતિ ઊંધી દાંડીયાત્રા અને એ પછી જાહેર કરાયેલી એકતા યાત્રાના કરૂણ રકાસમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે. પાટીદાર સમાજનો મોટો વર્ગ ઓબીસી સમુદાય સાથે સંઘર્ષમાં ઊતરવાની તરફેણમાં નથી. જો હાર્દિકની હા માં હા ભણે તો ઓબીસી સમુદાય સાથે કાયમી વેર બંધાવાની શકયતા છે. એથી થનાર સંભવિત નુકશાનની કલ્પના સુદ્ધાં નિરુપદ્રવી પાટીદાર સમાજને ધ્રુજાવી મૂકે છે. તેથી બંધારણ અને કાનૂનની મર્યાદામાં રહી મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા શાસક ભારતીય જનતા પાર્ટી જે કંઈ વિશેષ પૅકેજ આર્થિક પછાત સમુદાયની રુએ આપવા સહમત થયાં છે, તે સ્વીકાર લેવામાં જ શાણપણ હોવાનું ડાહ્યા પાટાદીરોને લાગવા માંડ્યું હોય તે સમજી શકાય એમ છે. મુખ્યમંત્રીશ્રીએ આવું કડક વલણ શરુથી જ અપનાવ્યું હોત તો કદાચ ગયે મહિને વિકારાળ સ્વરુપ ધારણ કરનાર આંદોલન ઉદય કાળમાં જ ધીમું પડી ગયું હોત. પાટીદારો સહિત સમાજના તમામ વર્ગોને ન્યાય અપાવવા કૃતસંકલ્પ રાજય સરકાર અને શાસક પક્ષ માટે પાટીદારો 'વોટ બેંક' બની ગયેલ હોઈ આ આંદોલનને છૂટો દોર મળતો ગયો, જેથી રાજય સરકારને અને ખુદ શાસક પાર્ટીને મોટું નુકશાન થયું છે, જેની પ્રતીતિ આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં થયા વિના રહેશે નહીં. સાબરકાંઠાના સાંસદની જેમ ધીમે ધીમે વિકેટો પડતી જશે તો એથી કેન્દ્ર સરકારની આબરૂના પણ ધજાગરા જ ઊડવાના છે.

# પ્રથમ પત્નીની પરવાનગી સિવાય મુસ્લિમ પતિના બીજા લગ્ન ગેરકાયદેસર




સુરાહે નિકાહમાં એકથી વધારે લગ્નોને ન્યાયોચીત ઠેરવાયા હોવા છતાં મુસ્લિમ પતિ પ્રથમ પત્નીની પરવાનગી સિવાય બીજા લગ્ન કરી શકે નહી તેવું તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું છે.

સુરાહે નિકાહની આયાતમાં એકથી વધારે લગ્નોને ઉચીત ગણાવેલ છે તેના ચેપ્ટર ૪(૩)માં જણાવેલ છે કે મુસ્લીમ એકથી વધારે લગ્ન કરી શકે છે અને તમામને સરખો ન્યાય આપવો જોઈએ આયાતની કલમ ૧૨૯ માં પણ આ ઉલ્લેખ છે. વ્યકિત પ્રેમની બાબતમાં તમામ સાથે એક સરખો ન્યાય તોળી શકે નહિ પરંતુ એક કરતા વધારે પત્નીની સારસંભાળની બાબતમાં પ્રથમ પત્નીને જે હક્ક મળે તેવી સુખસાહબી આપી શકે છે. પ્રથમ પત્નીની ઉપેક્ષા થવી ના જોઈએ.

શરીયા કાયદાનુસાર અને મુસ્લીમ પર્સનલ લૉ મુજબ માણસે બીજી વખત લગ્ન કરવા માટે પ્રથમ પત્નીની મંજુરી મેળવવી જરૂરી નથી. કુરાનમાં એકથી વધારે લગ્ન કરવાની પરવાનગી આપવામાં આવી છે. જે મુજબ લગ્ન બાહ્ય સંબંધો તથા લીવઈન રીલેશનની કુરાનમાં પ્રતિબંધ ફરમાવ્યો છે પરંતુ વ્યકિત એકથી વધારે લગ્ન કરી શકે છે.

આ ઉપરાંત યુધ્ધમાં શહિદ થયેલાની વિધવાને પત્નીનું સ્થાન આપવાનામ ઉમદા હેતુ શરીયાના કાયદાથી ઉચિત હતા જે હાલમાં શકય નથી.

હાઈકોર્ટે નોંધલે કે ભગવાન એક જ છે તો અલગ અલગ સમુદાય માટે અલગ અલગ નિયમ ના હોઈ શકે જેના જવાબમાં એમીકસ કમિટીએ જણાવેલ કે દરેક ધર્મમાં દ્વિપત્નીય છે અને પુરાતત્વમાં તેનો ઉલ્લેખ છે બાદમાં આ પ્રથા બંધ કરવા માટે હિન્દુ મેરેજ એકટની ૧૯૫૫ અમલમાં આવેલ ત્યારબાદ હિન્દુમા દ્વિપત્નીની પ્રથા બંધ થયેલ પરંતુ મુસ્લીમો શરીયાના કાયદાને જ માનતા હોય દ્વિપત્નીત્વની વાતને સમર્થન આપે છે જે કાયદા મુજબ સુસંગત નથી ભારતમાં રહેતા દરેક ધર્મના લોકોને સમાન સીવીલ કોડ તથા કાયદા લાગુ પડે. કુરાનના કાયદાને સમયાનુસાર બદલી શકાય. ઈસ્લામીક કાયદામાં પણ પરિવર્તન સમયાનુસાર લાવવું જોઈએ જે કામ ઈમામો અને ધર્મ ગુરૂઓનું છે. મુસ્લીમ પર્સનલ લૉ મુજબ મુસલમાન ચાર લગ્નો કરી શકે છે પરંતુ પ્રથમ પત્નીને વાંધો હોય તો આવા લગ્ન કાયદેસર ગણી શકાય નહિ.

મુસ્લીમ પતિએ પ્રથમ પત્નીની મંજુરી સીવાય બીજા લગ્ન કરતા પ્રથમ પત્ની તેનાથી નારાજ થતા તેણે આઈપીસી કલમ ૪૯૪ મુજબ પતિ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા આ ફરીયાદ રદબાતલ ઠરાવવા પતિ દ્વારા હાઈકોર્ટના દ્વાર ખખડાવતા ઉપરના પ્રશ્નો ઉપસ્થિત થતા ફરી મુસ્લીમ પર્સનલ લૉ અંગે વિવાદ થયેલ છે. એમીકસ કયુટી અને મુસ્લીમ લગ્ન બાબતે કુરાનમાં વિવિધ આયાતો નિષ્ણાંતો દ્વારા તેનું અર્થઘટન તથા સુપ્રિમ કોર્ટ તથા અન્ય હાઈકોર્ટે આપેલા તે બાબતના ચુકાદાઓનો તલસ્પર્શી અભ્યાસ તથા દલીલો કરવામાં આવેલ પરંતુ હાઈકોર્ટે આ બાબતનો ચુકાદો અનામત રાખેલ છે જે આવનાર ભવિષ્યમાં મુસ્લીમ પર્સનલ લૉ તથા ભારતીય બંધારણ બન્નેમાંથી એક મુજબ જ મુસ્લીમોને લગ્નનો કાયદો લાગુ પડશે. કોર્ટ માટે એ પેચીદો પ્રશ્ન છે કે આઈપીસી ઉપર મુસ્લીમ પર્સનલ લૉ કેવી રીતે વર્ચસ્વ ધરાવી શકે ? કે આઈપીસી કરતા મુસ્લીમ લૉ કેવી રીતે ગણી શકાય ? કુરાનમાં બહુપત્નીત્વનો કાયદો અમલમાં કેવી રીતે આવ્યો ? મહમંદ પયગબર સાહેબ તે કાયદો કેવી રીતે લાવ્યો ? આવા અનેક પેચીદા સવાલો અંગે બન્ને પક્ષો તથા એમીકસ કમિટી દ્વારા દલીલો કરવામાં આવી.

ઘટનાની વિગત મુજબ પતિ પત્ની વચ્ચેના ઝઘડામાં પત્ની પીયર મુકામ જતા રહેતા પતિએ ૨૦૦૩ માં બીજા લગ્ન કરેલ જે અંગે પ્રથમ પત્નીએ આઈપીસીની કલમ ૪૯૪ મુજબ ફરીયાદ દાખલ કરતા પતિએ આ ફરીયાદ મુસ્લીમ પર્સનલ લૉ મુજબ તેની સામે દાખલ થઈ શકે નહી તેથી રદ કરવા જોઈએ તે મતલબની પીટીશન હાઈકોર્ટમાં કરેલ.

પોલીસે પતિ સામે દહેજ માંગવાનો પણ કેસ દાખલ કરેલ આ ઉપરાંત શરીયાના કાયદા મુજબ બીજી પત્ની સાથે એકસમાન વ્યવહાર રાખવો જોઈએ તે પણ રાખેલ નથી તેવો આરોપ પ્રથમ પત્નીએ મુકેલો પતિએ ૨૦૧૦ માં આ ફરીયાદ રદ કરતા જણાવેલ કે મુસ્લીમ પર્સનલ લૉ તેને પરવાનગી આપતો હોય બીજા લગ્ન કરવા એ ગુન્હો નથી, પત્ની તરફથી રજુઆત કરવામાં આવી હતી કે શરીયાના નિયમ મુજબ દરેક પત્ની સાથે સમાન વ્યવહાર રાખવો જોઈએ તેમજ પ્રથમ પત્નીની પરવાનગી લેવી જોઈએ આ કિસ્સામાં આવું બનેલ નથી તેથી પતિ ઉપર કોર્ટની કલમ ૪૯૪ તથા ૪૯૮ લાગુ પડે છે. મુસ્લીમ પર્સન લૉ ના નિયમનું તથા શરીયાના કાયદાનું ઉલ્લઘંન થતું હોય આ કેસમાં આઈપીસી મુજબ ગુન્હો બને છે. હાલમાં આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટે ચુકાદો અનામત રાખેલ છે હવે જોવાનું એ રહે છે કે મુસ્લીમ પર્સનલ લૉ આઈપીસીથી ઉપર છે કે કેમ? દરેક મુસ્લીમને આઈપીસીની કલમ બીજા ધર્મના નાગરિક જેટલી જ લાગુ પડે અલગ અલગ ધર્મના અલગ અલગ કાયદા ના હોઈ શકે ભારતનું બંધારણ તમામ ભારતીયોને લાગુ પડે છે કોઈ આનાથી પર ના હોઈ હશે. આ ચુકાદો એ મુસ્લીમ માટે ઔતિહાસીક ચુકાદો સાબીત થશે તે નક્કી છે.

# મનુષ્યજીવન એટલા રોમાંચથી ભરપૂર હોય છે કે ઘણીવાર લાગે કે જીવનમાં કશું જ અશક્ય નથી

*પ્રભુ, તારી રમત તો અમે જોઈ,*
*હવે, અમારી રમત પણ તું જોજે પ્રભુ*
*તને પણ થશે કે લાવ,*
*હું પણ જાઉં ફિલ્ડીંગ ભરવા.*
*બેટીંગ અમારી ધુંઆધાર જોઈને,*
*મન તને થશે બોલીંગ કરવા.*

**Shared by - મીના પટેલ**




**Whats app** પર અત્યારે ભક્તિભાવપૂર્ણ માહોલ જામ્યો છે. શ્રાવણ માસમાં શિવભક્તિ, ત્યારબાદ જન્માષ્ટમી એટલે કૃષ્ણભક્તિની લહેર અને હવે ગણેશચતુર્થી આવતાં ગણેશ વંદનાના મેસેજીસથી માહોલ પવિત્ર બન્યો છે. પવિત્ર પર્યુષણ પર્વના કારણે 'મિચ્છામિ દુક્કડમ્' ના મેસેજીસથી આપણે એકબીજાની માફી માગીને તેમજ માફી આપીને હળવાફૂલ બની ગયા હોય તેમ પણ જણાયું. આપણે મનુષ્યો મોટેભાગે ફરિયાદી અને યાચક બનીને ઈશ્વરભક્તિ કરતા હોઈએ છીએ અને ભક્તિની બાબતમાં મોટેભાગે આપણી માનસિકતા ગાડરીયા પ્રવાહ સમી જણાય છે. પણ આજના આ **Whats app of the week** માં વાત છે મનુષ્યના દૃઢ મનોબળની. મનુષ્યજીવન એટલા રોમાંચથી ભરપૂર હોય છે કે ઘણીવાર લાગે કે જીવનમાં કશું જ અશક્ય નથી તો વળી કોઈ એકાદ ક્ષણ એવી પણ આવે જયારે ચારેબાજુ અંધકાર છવાયેલો હોય પણ વ્યક્તિનો **fighter** જેવો **attitude** આવા સમયે ખૂબ અસરકારક પુરવાર થાય છે. આમ તો મનુષ્યાવતાર એટલો શાનદાર છે કે ખુદ ઈશ્વરને પણ અહીં અતરવાનું મન થઈ જાય છે.

પણ જયારે જયારે કોઈ મુશ્કેલી આવે મનુષ્ય ઈશ્વરને અહીં અવતાર ધરીને પોતાની તકલીફોને સમજવાની અને અનુભવવાની અરજ કરે છે!

ઈશ્વરના હાથમાં આપણા જીવનની ડોર હોય છે અને તેના ઈશારા મુજબ આપણે જીવતા હોઈએ છીએ પણ ઘણીવાર આપણે મનુષ્યો પણ ઈશ્વરને અચંબામાં મૂકી દેતા હોઈએ છીએ. અદમ્ય સાહસ, અભૂતપૂર્વ તાકાત અને શક્તિના અખૂટ સ્ત્રોતથી આપણે આપણી આસપાસની સૃષ્ટિ તેમજ ઈશ્વરને પણ આપણી શક્તિનો પરિચય કરાવી દેતા હોઈએ છીએ. અને આપણી આ ધુંઆધાર બેટીંગ જોઈને ઈશ્વરને પણ મન થઈ જતું હશે કે લાવ હું પણ બોલીંગ કરું કે ફિલ્ડીંગ કરું. પ્રભુની રમત આગળ લાચાર કે બેબસ બનીને હાર માનવાને બદલે જયારે આપણે બમણાં જોરથી ઈશ્વરને પડકાર ફેંકીએ ત્યારે ઈશ્વર પણ મનમાં તો ચોક્કસ હસતો હશે અને આપણા આ અદમ્ય સાહસને બિરદાવતો હશે!

*"એ આવશે અંતરનો અવાજ થૈ,*
*કે તોપગોળો થઈને ધણેણતો...*
*એ આપશે સ્વર્ગતણું સુખાસન,*
*કે વેદનાના નરકાગ્નિઓ બધા :*
*એ સર્વ એનાં વરદાન મંગલ -*
*કૃતાર્થ થૈ, તૃપ્ત બની વધાવીએ."*

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ચાલો પ્રસન્નતા કેળવીએ : ગમતુ કામ કરો અથવા કામને ગમતુ કરો

"જૈસે સૂરજ કી ગરમીસે
જલતે હુએ તનકો
મિલ જાએ તરૂવરકી છાયા
ઐસા હી સુખ મેરે
મનકો મિલા હૈ જબસે
મૈં શરણ તેરી આયા... મેરે રામ..."

સુખી થવાનો ઈજારો કોઈ પાસે નથી. પરંતુ જો પ્રામાણિક પણે, નિખાલસ પણે, કેટલીક બાબતોને અનુસરીએ તો સુખ-શાંતિ ચોકકસ આપણા હૃદયમાં આવી વસે છે. સુખ-શાંતિ અનુભવવી એ ખાવાના ખેલ નથી કે બાવાના ખેલ નથી. 'જા બચ્ચા તેરા ભલા હો જાયેગા.' અથવા 'તુજે ચાર ધામકા સુખ મિલેગા', 'તેરી મનોકામના સિધ્ધ હો જાયેગી... ' વગેરે વચનોથી મનની શાંતિ મળી શકે નહિ. મનની શાંતિ અને પ્રસન્નતા ઉછીની મળતી નથી. તે ધન દોલતથી ખરીદી શકાતી નથી. પોતાને કે બીજા કોઈને છેતરી પ્રસન્નતા પામી શકાતી નથી. (જો બીજાને છેતરીને આનંદ આવે તો તે વિકૃત આનંદ છે.) મનમાં દુર્ભાવના અને છળકપટ હોય તેનું ચિત્ત શાંત કે પ્રસન્ન ન હોઈ શકે. પ્રસન્નતાના પુષ્પો તો સુખ, શાંતિ અને સ્વસ્થતાના બાગમાં જ ખીલે.

પ્રસન્ન રહેવાની જો તમારી પોતાની જીદ હશે તો તમને અપ્રસન્ન કોઈ કરી શકશે નહિ. જીવનનો સાચો આનંદ મેળવી શકીએ છીએ. પ્રકૃતિ સાથે તાદાત્મ્ય કેળવવાથી તેમજ અહીં આપેલ ચર્ચાના મુદ્દાઓ ધ્યાને લેવાથી ચોકકસ પ્રસન્ન રહી શકાય છે !

**જીવનની કદર :**

રોજ સવારે ઉઠીએ ત્યારે આપણે જીવિત છીએ એ આપણી પર ભગવાનનો મોટો ઉપકાર છે. દરેક વ્યકિતમાં એક બાળક જીવતું છે, જીવનનો આનંદ માણવા માટે એ બાળકને કપરી પરિસ્થિતિમાં પણ મરવા ન દઈએ. કોઈપણ વસ્તુ આપોઆપ મળી જતી નથી. 'પરિશ્રમ એજ પારસમણિ' એ ભૂલવું ન જોઈએ. હૃદયમાં કૃતજ્ઞતાની જ્યોત હંમેશા જલતી રાખીએ.

**લાગણીની કદર :**

> એક અભ્યાસ મુજબ ૭૯ % લોકોને પોતાનો કામ-ધંધો ગમતો નથી! તેથી જ કદાચ આપણી આસપાસ આટલા બધા લોકો દુખી થઈને ભાગમભાગ કરતાં દેખાય છે, આપણા જીવનનો મોટો ભાગ વેપાર ધંધા માટે વિતાવીએ છીએ! આપણને ગમતી હોય તેવી પ્રવૃત્તિ અથવા કારકિર્દી પસંદ કરી શકાય

બીજાની લાગણીની કદર કરીએ. લોકો તેમનાં જીવનના જે તબકકે હોય તેઓ જેવા હોય તેવા સ્વરૂપે તેમને આવકારીએ. આદર, હૂંફ અને સ્નેહ ત્રણ પ્રસન્ન જીવવના આધારસ્તંભો છે. હળવો પ્રેમાળ સ્પર્શ રોમ-રોમ પુલકિત કરે છે. નિઃસ્વાર્થ ભાવે અન્યોની મદદ કરવાથી અનેરો આનંદ પ્રાપ્ત થાય છે. દિવસ દરમિયાન જે વ્યકિતના સંપર્કમાં આવીએ તેનો દિવસ આનંદમય બનાવીએ.

**શીખવાનું ચાલુ જ :**

રસ પડતો હોય તેવા વિષયમાં બેધડક આગળ વધવું. નવું કરવાનું સૂઝે કે સાહસ ખેડવું પડે તો પણ જોખમ ઉઠાવીને કરવું. જે શીખે છે તે ચાલે છે. જે નવું કરે છે તે કયારેય જૂનો થતો નથી. નવી વાત પ્રસન્નતા બક્ષે છે. નવું શીખવાની વૃત્તિ જ પ્રસન્નતાની દ્યોતક છે. ટૂંકમાં, જેની જ્યોત જલે છે તે અન્યની જ્યોત ને પ્રગટાવી શકે છે.

**મુશ્કેલીઓનો રચનાત્મક ઉકેલ :**

"હું એકલો શું કરી શકું," "બધા મને બિચારો કહે છે." એવા વિચારો મનને દુર્બળ બનાવે છે. શેખચલ્લીના વિચારો પણ દિવાસ્વપ્નોમાં લઈ જાય છે. હંમેશા પડકારનો સામનો કરીએ. ચેલેન્જને સ્વીકારીએ. મુશ્કેલી તો આવવાની જ , તેનાથી દૂર ભાગવાની જરૂર નથી. પરંતુ એક રચનાત્મક ઉકેલ શોધવાની સૂઝ પ્રસન્નતા તરફ લઈ જાય છે. નકકી કરેલ વાત માટે થાકો નહિ, હારો નહિ, કે પાછા પડો નહિ. કામને વધારે સારી રીતે કરી શકવા માટે તમે અને માત્ર તમે જ શકિતમાન છો એ વાત ભૂલવી નહિ. જાત સાથે વાત કરી જાતે જ હિંમત કેળવો આત્મવિશ્વાસ અને આંતરિક પ્રેરણા સ્વયં મેળવો. રચનાત્મકતાને સર્જનાત્મકતામાં ફેરવો. મુશ્કેલીઓનો સામનો કરવાનો આનાથી ઉત્તમ ઉપાય બીજો એકેય નથી.




ગમતું કામ કરો અથવા કામને ગમતું કરો :

એક અભ્યાસ મુજબ ૭૯ % લોકોને પોતાનો કામ-ધંધો ગમતો નથી! તેથી જ કદાચ આપણી આસપાસ આટલા બધા લોકો દુખી થઈને ભાગમભાગ કરતાં દેખાય છે. આપણા જીવનનો મોટો ભાગ વેપાર ધંધા માટે વિતાવીએ છીએ ! આપણને ગમતી હોય તેવી પ્રવૃત્તિ અથવા કારકિર્દી પસંદ કરી શકાય.

દરેક જણ નસીબદાર નથી હોતો કે તેને ગમતું કામ મળે. જેથી કામ ગમતુ ન હોય છતાં કરવું પડે ત્યારે તેમાં રસ, ધ્યાન અને મજાની ગેરહાજરી વર્તાતી હોય છે. આનો ઉપાય એક જ છે કે જે કામ મળ્યુ હોય તેને ગમતું કરીએ. જો એક વાર કામને ગમતું કર્યુ ,પછી બેડો પાર, પ્રસન્નતા દોડતી તમારી પાસે આવશે એમાં કોઈ અતિશયોકિત નથી.

સુખ બધાને લેવો ગમે તેવો શ્વાસ છે. સહુને તેની આકાંક્ષા હોય છે. કોઈનેય દુઃખી કે હતાશ થઈને રહેવું ગમતું નથી. આપણે સૌ એ કાયમ શાંત અને પ્રસન્ન રહેતા લોકોને જોયા છે. મુશ્કેલીમાં પણ માણસ પ્રસન્ન રહી શકે છે. એનો અર્થ એવો નથી કે પ્રસન્ન લોકો કયારેય ઉદાસ નથી થતા ! જેમ બ્રશ કરવું, સ્નાન કરવું એ ટેવ બને છે. તેમ પ્રસન્ન રહેવું ટેવ બનવી જોઈએ. એલ્બર્ટ હબ્બાર્ટ કહે છે કે સુખ-શાંતિ ટેવ છે, તેને કેળવવી જોઈએ.

મનની આંતરિક શાંતિ હોય તો મન પ્રસન્ન હોય. પ્રસન્નતામાં દંભ નથી. તે અંતરથી ઊભરાતો આનંદ છે. આંખ વાટે તે ચહેરા પર છલકે છે. અને મલકે છે.

**મિસરી :**

*તાવીજ હોતે હૈ કુછ લોગ*
*ગલે મિલતે હી સૂકુન મિલતા હૈ*

(sms - અલ્પેશ પટેલ)

# હું તો બસ ફરવા આવ્યો છું



હું તો બસ ફરવા આવ્યો છું.
કયાં એકે કામ કામ તમારું કે મારું
કરવા આવ્યો છું?
અહીં પથ પર શી મધુર હવા
ને ચહેરા ચમકે નવા નવા
- રે ચહું ને પાછો ઘેર જવા
હું ડગ સાત સુખે ભરવા નહીં
સ્વપ્ન મહીં સરવા આવ્યો છું.
હું તો બસ ફરવા આવ્યો છું.

**- નિરંજન ભગત**

માણસ માત્ર જન્મ્યો - રડ્યો - હસ્યો - ધીમું ધીમું ડગ ભરતાં ખસ્યો - અને જેવું થોડુંક બળ પગમાં ભેગું થયું કે મંડ્યો ચાલવા.

પહેલાં ઘર - શેરી - નિશાળ અને પછી તો દુનિયા આખીમાં જયાં આંખ લઈ ગઈ ત્યાં - જયાં પગ લઈ ગયા ત્યાં. કેમ કે આપણામાં જન્મજાત વૃત્તિ અને ગતિ છે ચાલવાની. અને ધારો કે ચાલતો ન હોત તો? મન નથી ? મન ને તો પાંખો છે એટલે કયાંક અટકતું નથી અને ઘૂમી વળે છે આખા વિશ્વમાં.

માણસે એક જગ્યાએ સ્થિર ન રહેવું અને ફર્યા કરવું એ પહેલાં તો જરૂરિયાત હતી. આશ્રય માટે - ખોરાક માટે - ખેતી માટે - સલામતી માટે. કયારેક ગુફામાં, કયારેક નદી-કિનારે કયારેક જંગલમાં અને પછી જનજનમાં.




જેવું પેટ ભરાયું અને માથે છાપરું આવ્યું એટલે શું માણસ રોકાઈ ગયો ? ના, હવે તો સ્થિરતા અને સલામતી મળ્યાં એટલે પ્રકૃતિનો સાદ સંભળાયો અને મંડ્યો પ્રવાસ કરવા. જેમાં સામેલ કર્યો ધર્મને અને સાથે સાથે સાહસને પણ. ધાર્મિક હતા તેમને કેદારનાથ દેખાયા અને સાહસિક હતા તેમને હિમાલયની ઊંચી - ઊંચી પર્વતમાળાઓ દેખાઈ. કોઈને ગંગા નદી દેખી તો પૂજન - અર્ચન - દીપદાન કર્યા અને કોઈએ કર્યું રાફ્ટીંગ - રીવર ક્રોસિંગ.

પણ ગમે તેમ કરીને સૌ રહ્યા પ્રકૃતિની સાથે ને સાથે. કેમ કે જે પંચતત્ત્વોથી શરીર - પ્રાણ - મન ઘડાયાં તે જ પંચતત્ત્વો કુદરતમાં યે હાજરાહજૂર - પછી કેમ ગમે ઘરની ચાર દિવાલોમાં ?

માણસનું મન જ એવું છે. ઘર હોય ત્યારે ઝંખે છે કુદરતનો સહવાસ. તેથી સૂર્ય તો પ્રત્યક્ષ દેવ રોજ ઘરે આવીને દર્શન આપી જાય છે પણ નદી-પર્વત-વૃક્ષોમાંય દેવ છે એમને પામવા હોય તો ? તેથી નીકળી પડે છે પ્રવાસે. એને સાદ સંભળાયા છે ઊંચા પહાડોનો, નદીની કોતરોનો કે દરિયાની લહેરોનો... અને જયાં મનને ગમે ત્યાં રોકાઈને બધું માણે છે. એકાકાર થઈ જાય છે પરમ તત્ત્વ સાથે. પાછો તંદ્રામાંથી જાગી અને ઘરની યાદ સતાવે એટલે પાછો ફરીને ઘરની છત નીચે નિશ્ચિંત થઈ જાય છે.

તો ભલે ને, જેમને ગમતું હોય તે ફર્યા કરે - કેમ કે ફરવું એટલે ગતિમાં રહેવું એટલે જીવવું.

સ્થિર થવાથી તમારી દૃષ્ટિ અને પહોંચ હોય ત્યાં સુધી જ પ્રાપ્ત કરી શકાય છે, જયારે રઝળપાટ કરવાથી તનની સ્વસ્થતા અને મનની વિશાળતા પ્રાપ્ત થાય છે.

સ્થિરતામાં સલામતી અને સગવડ છે ખરાં પણ પરિવર્તન નથી

**અનુસંધાન પાના નં. ૭ પર**